RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર


NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 65 Date: 26.12.2023 Tuesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# કોરોનાના એક્ટિવ કેસમાં ગુજરાત દેશમાં પાંચમે, અમદાવાદમાં વધુ ૫ કેસ



## અમદાવાદમાં કુલ એક્ટિવ કેસ ૩૫ પર પહોંચ્યા છે
## સોલા સિવિલમાં કોરોના માટે સ્પેશિયલ વોર્ડ શરૂ

ભારતમાં આજે કોરોનાના ૬૨૮ નવા કેસ નોંધાયા છે. દેશમાં એક્ટિવ કેસ વધીને ૪,૦૫૪ થઈ ગયા છે. આ વચ્ચે ગુજરાતમાં પણ કોરોના ધીરે ધીરે મોટું સ્વરૂપ લઈ રહ્યો છે. હાલ ગુજરાતમાં ૫૪ એક્ટિવ કેસ છે. જે દેશમાં પાંચમાં ક્રમે છે.અમદાવાદમાં કોરોનાના વધુ ૫ કેસ નોંધાયા છે, જેમાં ૨ મહિલાઓ અને ૩ પુરુષો કોરોના સંક્રમિત થયા છે. આ તમામ અમદાવાદ શહેરના ખાડિયા, બોડકદેવ, નવરંગપુરા અને દરિયાપુરના રહેવાસી છે. જેમાંથી બે દર્દી ટ્રાવેલિંગ હિસ્ટ્રી ધરાવે છે. જેઓ બેંગલુરુથી આવ્યા હતા.આ નવા કોરોનાના કેસ સાથે અમદાવાદમાં કુલ એક્ટિવ કેસ ૩૫ પર પહોંચ્યા છે. જોકે, ત્રણ લોકો સાજા થતા તેમને ડિસ્ચાર્જ કરાયા છે.

દેશમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. જેમાં સૌથી વધુ કેરળમાં ૧૨૮ એક્ટિવ કેસ છે. ત્યારબાદ કર્ણાટકમાં ૨૭૧, તમિલનાડુમાં ૧૨૩, મહારાષ્ટ્રમાં ૧૦૩, ઓડિસામાં ૫૫ અને ગુજરાતમાં ૫૪ એક્ટિવ કેસ હોવાની માહિતી મળી રહી છે. હાલ દર્દીઓનું કોરોના ટેસ્ટિંગ, હોસ્પિટલમાં બેડ-ઓક્સિજનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. તંત્ર અલર્ટ મોડ પર છે.

રાજ્યમાં કોરોના ટેસ્ટિંગ પ્રક્રિયા શરૂ કરવાની તૈયારી કરાઈ રહી છે. ક્રિસમસની રજાને લઈને આવતીકાલથી કામગીરી શરૂ કરાશે. હાલ અસારવા સિવિલ હોસ્પિટલ, શારદાબેન હોસ્પિટલ અને જીફ઼ હોસ્પિટલમાં દર્દી આવે ત્યારે ટેસ્ટિંગ કરવામાં આવે છે. સોલા સિવિલમાં કોરોના માટે સ્પેશિયલ વોર્ડ શરૂ કરાયો છે. ૨૫ બેડનો કોરોના માટે સ્પેશિયલ વોર્ડ તૈયાર કરાયો છે.

# ’ખેડૂતો લોન માફી માટે દુકાળની કામના કરે છે...’ કર્ણાટકના મંત્રીનું વિવાદાસ્પદ નિવેદન

કર્ણાટકની સિદ્ધારમૈયા સરકારમાં શેરડી વિકાસ મંત્રી શિવાનંદ પાટિલનું એક વિવાદિત નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. જેમાં તે કહેતા સંભળાય છે કે અહીંના ખેડૂતો દર વર્ષે દુકાળ પડે તેવી કામના કરે છે જેથી લોન માફ થઈ જાય. શિવાનંદ પાટિલે કહ્યું કે કૃષ્ણા નદીનું પાણી ખેડૂતોને મફતમાં મળે છે. આ ઉપરાંત વીજળી પણ ફ્રી છે. જુદા જુદા મુખ્યમંત્રીઓએ ખાતર અને બિયારણ પણ મફત આપ્યા. એવામાં હવે તેમની એક જ ઈચ્છા રહે છે કે ગમે તેમ કરીને દુકાળ પડી જાય જેથી તેમની લોન માફ થતી રહે.

વીડિયો વાયરલ થતાં જ ભાજપે કોંગ્રેસ સરકાર સામે નિશાન તાક્યું. ભાજપે કહ્યું કે સિદ્ધારમૈયા મંત્રીમંડળમાં મૂર્ખા ભરેલાં છે. કોંગ્રેસની ખેડૂતવિરોધી સરકાર ખેડૂતોની ક્રૂર મજાક



બનાવી રહી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ અનેકવાર શિવાનંદ પાટિલ વિવાદિત નિવેદનો આપી ચૂક્યા છે. તેમણે કહ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા વળતરમાં વધારો કરાયા બાદથી ખેડૂતોના આપઘાતના કિસ્સા વધી ગયા છે. જોકે તેમણે પછીથી આ નિવેદન પાછું ખેંચી લીધું હતું અને કહ્યું કે મારો ઉદ્દેશ્ય એવો નહોતો.

# અમદાવાદ થી મુંબઈ વચ્ચે દરેક ટ્રક ૬૦૦૦ રૂપિયા ટોલ ટેક્સ ચુકવે છે, ટેકસમાં ૬૦ ટકાનો ઘટાડો થવો જોઈએ

વડોદરા,તા.૨૫

ટોલ ટેક્સ અને ઈન્સ્યોરન્સ પ્રિમિયમના ભાવમાં ઘટાડો થાય તો જ અત્યારે બે આંકડામાં રહેલી ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ સિંગલ ડિજિટમાં આવી શકે તેમ છે તેવુ અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટેશન એસોસિએશનના કાર્યકારી પ્રમુખ મુકેશભાઈ દવેએ કહ્યુ હતુ.આજે ઓલ ગુજરાત ટ્રાન્સપોર્ટ એસોસિસેશનની કારોબારી બેઠક વડોદરામાં મળી હતી. આ પ્રસંગે પત્રકારો સાથે વાતચીતમાં એસોસિસેશનના ગુજરાતપ્રમુખ વાસણભાઈ આહિરે કહ્યુ હતુ કે, કારોબારીમાં ઈ-વે બિલ, ઈન્સ્યોરન્સ, ટોલ ટેક્સ અને આરટીઓના કેટલાક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી છે અને તે અંગે સરકારના સબંધિત વિભાગો સમક્ષ આગામી દિવસોમાં રજૂઆત કરવામાં આવશે.જયારે કાર્યકારી પ્રમુખ મુકેશભાઈ દવેએ કહ્યુ હતુ કે ટ્રાન્સપોર્ટેશન કોસ્ટમાં ડિઝલ જ નહી




પણ ટોલ ટેક્સ અને ઈન્સ્યોરન્સ બહુ મોટો ભજવી રહ્યા છે. અમદાવાદથી મુંબઈ વચ્ચે એક ટ્રક સરેરાશ ૬૦૦૦ રુપિયા આવવા જવા માટે ટોલ ટેક્સ ચૂકવે છે અને અમે આ ટેક્સ ઘટાડીને ૪૦ ટકા કરવાની માંગણી કરી છે. આ મુદ્દે અમે હાઈકોર્ટમાં પણ ગયા છે.જોકે સરકારે હજી સુધી આ માંગણી સ્વીકારી નથી.બીજી તરફ થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ પણ મોંઘો કરી દેવાયો હોવાથી પ્રિમિયમની રકમમાં પણ છેલ્લા ૬ વર્ષમાં ૭૦૦ ટકાનો વધારો થયો છે. ટ્રક દીઠ દર વર્ષે હવે ૨૮૦૦૦ રૂપિયાથી માંડી ૪૦૦૦૦ રૂપિયા સુધીનુ પ્રિમિયમ ચુકવવુ પડી રહ્યુ છે.તેમણે કહ્યુ હતુ કે, અત્યારે ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ ૧૨ ટકા છે અને સરકાર તેને નવ ટકા સુધી કરવા માંગે છે પણ ટોલ ટેક્સની રકમ અને ઈન્સ્યોરન્સની રકમમાં ઘટાડા વગર કોસ્ટ ઘટાડવી બહુ મુશ્કેલ છે.

# ભારતના પ્રયાસોને ન મળી સફળતા, ક્રૂડ ઓઈલની ખરીદી પર કોઈ રૂપિયામાં પેમેન્ટ લેવા તૈયાર નહીં, સરકારે આપી માહિતી

ક્રૂડ ઓઈલની આયાત માટે રૂપિયામાં ચૂકવણી કરવાની ભારતની પહેલને અત્યાર સુધી બહુ સફળતા મળી નથી. સંસદની સ્થાયી સમિતિને આ માહિતી આપતા પેટ્રોલિયમ મંત્રાલયે કહ્યું કે સપ્લાયર્સે ભંડોળના પ્રત્યાવર્તન ખર્ચ અંગે ચિંતા વ્યક્ત કરી છે. આંતરરાષ્ટ્રીય વેપાર પરંપરા હેઠળ, ક્રૂડ ઓઈલની આયાત માટેના તમામ કરારની ચુકવણી માટે પ્રચલિત ચલણ યુએસ ડોલર છે. જો કે ઈંએ ભારતીય રૂપિયાનું આંતરરાષ્ટ્રીયકરણ કરવા માટે ૧૧ જુલાઈ ૨૦૨૨એ રૂપિયામાં આયાત અને નિકાસ કરવાની મંજુરી આપી હતી. જે અંતર્ગત અમુક દેશો સાથે બિન-તેલ વેપારમાં સફળતા મળી છે. પરંતુ ક્રૂડ ઓઈલ નિકાસકારો રૂપિયાથી દુર થઈ રહ્યા છે. પેટ્રોલિયમ મંત્રાલય સંબંધિત સંસદીય સમિતિએ આ બાબતે જણાવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન જાહેર પેટ્રોલિયમ કંપનીએ ભારતીય રૂપિયામાં ક્રૂડ ઓઈલની આયાત માટે કોઈ ચુકવણી કરી નથી. ક્રૂડ ઓઈલ સપ્લાય કરતા દેશોએ નાણાંને પસંદગીની કરન્સીમાં રૂપાંતરિત કરવા, સંબંધિત ઉચ્ચ વ્યવહાર ખર્ચ અને વિનિમય દરના જોખમો અંગે ચિંતા વ્યક્ત કરી છે .ગયા અઠવાડિયે સંસદમાં રજૂ કરાયેલી સમિતિના અહેવાલના ઉલ્લેખ મુજબ જહેત ક્ષેત્રની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને કહ્યું કે તેને ઉચ્ચ વ્યવહાર ખર્ચનો સામનો કરવો પડ્યો છે

# બ્રિજની કામગીરી ૧૦ માસથી ખોરંભે ચડતા લોકોને હાલાકી

આણંદ : ડાકોરની ડોન બોસ્કો સ્કૂલથી વણોતી ગામને જોડતા પુલની કામગીરી છેલ્લા બે વર્ષથી અધ્ધરતાલ રહેતા વાહનચાલકો તેમજ ગ્રામજનોની મુશ્કેલીઓમાં વધારો થયો છે. છેલ્લા દશેક માસથી આ બ્રિજની કામગીરી ઠપ્પ થઈ જતાં સ્થાનિકોની મુશ્કેલીઓ વધી છે ડાકોરના કપડવંજ રોડ ઉપર આવેલી ડોન બોસ્કો



સ્કૂલથી વણોતી ગામને જોડતા પુલની કામગીરી તંત્ર દ્વારા થોડા વર્ષો પૂર્વે શરૂ કરવામાં આવી હતી. બ્રિજ માટેના પીલરો ઉભા કર્યા બાદ છેલ્લા બે-એક વર્ષથી આ કામગીરી ગોકળગાય ગતિએ ચાલતી હતી. તેમાંય છેલ્લા દશેક માસથી બ્રિજ બનાવવાની કામગીરી સાવ ઠપ થઈ જવા પામી છે.

# ધોલેરામાં છેલ્લા ૮ માસથી દસ્તાવેજ નોંધણીની કામગીરી બંધ કરાતા રોષ

ધંધુકા : સરકારના આદેશ વગર ધોલેરામાં છેલ્લા આઠ-આઠ મહિનાથી સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજની કામગીરી બંધ કરી દેવાઈ હતી. જેની સામે ગ્રામજનોએ રજૂઆત બાદ રાજકીય આગેવાનોએ કલેકટર કચેરીથી લઈ ગાંધીનગર સુધી ઉગ્ર રજૂઆત કરતા તેના પગલે કલેકટર કચેરીએ ધોલેરામાં દસ્તાવેજની કામગીરી શરૂ કરવા સબ રજિસ્ટ્રાર કચેરીને સૂચના આપી છે.

છેલ્લા આઠ મહિનાથી સરકારની સૂચના વગર દસ્તાવેજની કામગીરી બંધ કરી દેવાતા ધોલેરા પંથકના ગ્રામજનોમાં ભારે રોષ ભભૂકી ઊઠયો છે. ધોલેરાના ત્રણ ગામના દસ્તાવેજોમાં ગંભીર ગરબડ



જણાતા સરકાર દ્વારા માત્ર તપાસ ચાલી રહી છે. આ તપાસથી ડઘાઈ ગયેલી સબ રજિસ્ટ્રાર કચેરી દ્વારા સમગ્ર તાલુકાના દસ્તાવેજો નોંધવાનું બંધ કરી દેવાયું છે. જેથી મિલકત લે-વેચની કામગીરી બંધ થઈ ગઈ છે. દસ્તાવેજની કામગીરી શરૂ થાય તે માટે ગ્રામજનો છેલ્લા ૮ મહિનાથી રાહ જોઈ રહ્યા છે.તેમજ જિલ્લાના રાજકીય આગેવાનો દ્વારા પણ સરકારના સંબંધિત વિભાગમાં રજૂઆત કરાઈ છે. સરકારે સ્પષ્ટતા પણ કરી છે કે, દસ્તાવેજની કામગીરી બંધ કરવાનો સરકાર દ્વારા આદેશ કરાયો નથી. અમદાવાદ જિલ્લા કલેકટર કચેરીએ ધોલેરા સબ રજિસ્ટ્રાર કચેરીને દસ્તાવેજની કામગીરી શરૂ કરવા આપેલી સૂચના પછી પણ સબ રજિસ્ટ્રાર દસ્તાવેજની કામગીરી શરૂ નહી થતાં હવે સરકાર દ્વારા ત્વરિત પગલાં ભરાય તેવી ગ્રામજનોએ માંગ કરી છે. સબ રજિસ્ટ્રાર એસો.ના હોદ્દેદારોએ કહ્યું કે, સબ રજિસ્ટ્રાર સરકારની સૂચના વગર દસ્તાવેજની કામગીરી બંધ કરી શકે નહીં. મિલકતના દસ્તાવેજો ઉપરાંત લે-વેચ કરનારાના પુરાવા ચકાસવાની જવાબદારી સબ રજિસ્ટ્રારની છે.હવે જિલ્લા કલેકટરના આદેશ બાદ કામગીરી શરૂ થાય છે કે, નહીં ? તેના પર સૌની નજર છે.

# જિલ્લામાં ખેડૂતો દ્વારા ૨૯ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં ઘઉં વવાયાં

ગાંધીનગર : ગાંધીનગર જિલ્લામાં શિયાળુ પાકની છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ કરતા ૧૩ હજાર હેક્ટર વધુ વિસ્તારમાં વાવેતર થયું છે. કુલ વાવેતર ૮૮,૬૭૯ હેક્ટરને પાર પહોંચ્યું છે. તેમાં સૌથી વધુ ૨૯ હજારથી વધુ હેક્ટરમાં ઘઉં વવાયાં છે. રવિ પાકમાં બટાટાનું વાવેતર ૧૭ હજાર હેક્ટરને પાર થવા સાથે તમાકુનું ૩૫૫૯, રાઈનું ૨૬૭૭, વરિયાળીનું ૧૪૯૫ અને ચણાનું ૧૩૪૪ હેક્ટરમાં વાવેતર ખેડૂતો દ્વારા કરવામાં આવ્યું છે.

શિયાળુ પાક માટે વરસાદી મોસમ જેવી જોઈએ તેનાથી ખુબ નજીકની રહી હતી. પરંતુ ડિસેમ્બર મહિનાના મધ્યાંતર સુધી ઠંડી જોઈએ તેવી નહીં વર્તાતા જગતભરના જીવોનું પેટ પાળવા કાળી મજુરી કરતા ખેડૂતોના મનમાં ચિંતા પેઠી હતી. પરિણામે બમ્પર વાવેતર છતાં પાકની સ્થિતિ સંભાળવા માટે ખેડૂતો ચિંતિત બનેલા છે. જોકે ઉતરતે મહિને ફરીથી ઠંડીનો નવો રાઉન્ડ શરૃ થઇ ગયો છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષની ૭૫,૬૮૮ હેક્ટર વિસ્તારમાં વાવેતરની સરેરાશની સામે ૮૮,૬૭૯ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું છે.

## તંત્રી લેખ......

# ગાઝા પટ્ટી પર ભૂખમરો, ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલુ

ગાઝા પટ્ટી પર ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલુ છે. આ સમય દરમિયાન સામાન્ય લોકોને જીવિત રહેવા માટે ઘણી મહેનત કરવી પડી રહી છે. એક તરફ તેમને સલામત સ્થળે આશરો લેવો પડી રહ્યો છે, તો બીજી તરફ તેઓ ભૂખમરાનો પણ સામનો કરી રહ્યા છે. શરણાર્થીઓ માટે રસોઈ કરતા બકર અલ-નાઝીને ખબર પડે છે કે ગાઝા પટ્ટીમાં વિતરણ માટે જે રસોઈ બને છે તે પ્રયાપ્ત નથી. ત્યારે તેનું હૃદય એક મોટો નીશાસો નાખી જાય છે. ગાઝાના દક્ષિણ કિનારે આવેલા શહેર રફાહમાં હજારો લોકો મુઠ્ઠીભર અનાજ માટે કલાકો સુધી લાઈનમાં ઉભા રહે છે.. ૨૮ વર્ષીય વ્યક્તિ ગાઝા સિટીમાંથી વિસ્થાપિત થયો હતો, પરંતુ તેણે પોતાના દેશવાસીઓ માટે રસોઈ કરવાનું શરૂ કર્યું. તેના જણાવ્યા અનુસાર ''મારા માટે સૌથી મુશ્કેલ ક્ષણ એ છે જ્યારે હું ખોરાકનું વિતરણ કરું છું. જ્યારે મારી પાસે ખોરાક નથી અને બાળકો હાથ લાંબો કરે છે. અને કહે છે કે તેમની હજુ પણ ભૂખ લાગી છે. ત્યારે મારા હૃદયમાં પીડા થાય છે.'' આવી સ્થિતિમાં, રસોઈમાં રોકાયેલા મોટાભાગના લોકો તેમનો ખોરાક બાળકોને આપે છે.. યુએન હંગર મોનિટરિંગ સિસ્ટમ (આઈપીસી) મુજબ, ડિસેમ્બરની શરૂઆતમાં, ૨ મિલિયનથી વધુ ગાઝાવાસી પહેલેથી જ ગંભીર ભૂખમારાનો સામનો કરી રહ્યા હતા. ૩૭૮,૦૦૦ થી વધુ લોકો ''આપત્તિજનક ભૂખ'' અનુભવી રહ્યા હતા. ગુરુવારે આઈપીસીના અહેવાલમાં જણાવ્યું હતું કે દુષ્કાળનું જોખમ ''દરરોજ વધી રહ્યું છે'' અને ચેતવણી આપી હતી કે અઠવાડિયાની અંદર સમગ્ર વસ્તી ''ગંભીર ખાદ્ય અસુરક્ષા'' અથવા વધુ ખરાબ પરિસ્થિતિનો સામનો કરી શકે છે. માનવતાવાદી સહાય માત્ર ઘેરાયેલા દરિયાકાંઠાના વિસ્તારમાં પહોંચી રહી છે, જ્યાં ૭ ઓક્ટોબરથી ઈઝરાયેલી સેના દ્વારા હુમલો કરવામાં આવી રહ્યો છે. હમાસને નષ્ટ કરવાના હેતુથી ઈઝરાયેલ દ્વારા સતત જમીન અને હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા છે... હમાસ દ્વારા સંચાલિત પ્રદેશમાં આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી જવાબી કાર્યવાહીમાં ૨૦,૨૦૦ થી વધુ લોકો, મોટાભાગે મહિલાઓ અને બાળકો માર્યા ગયા છે. નાઝીએ કહ્યું, ''કઠોળનો એક કેન એક શેકેલ (ઈં૦.૨૮) થી વધીને છ શેકેલ થયો છે,'' નાઝીએ કહ્યું. યુદ્ધ પહેલા લોકો ગરીબ હતા, જેઓ કામ કરતા હતા તેઓ પણ તેમના બાળકોને ખવડાવવા માટે અસમર્થ હતા. આવામાં હવે તેઓ કેવી રીતે આનો સામનો કરી શકે. પરિસ્થિતિની કલ્પના કરી શકાય છે. મને ડર છે કે લોકો ભૂખે મરી જશે''.. સવારે ૩૬ વર્ષીય સલામ હૈદર ફૂડ સેન્ટરની બહાર કતારમાં ઉભા હતા. ત્રણ નાના બાળકોની માતાએ કહ્યું, ''તેઓએ મને કહ્યું કે હું ખુબ વહેલા આવી ગઈ છું. પરંતુ હું ખાતરી કરવા માંગુ છું કે મને કંઈક મળે.'' મારો પુત્ર જ્યારે બીજા બાળકને બ્રેડનો ટુકડો પકડેલો જુએ છે ત્યારે રડે છે. તેણે એક બાળક પાસેથી મીઠાઈઓ ચોરી કરવાનો પ્રયાસ કર્યો, મારે તેને સમજાવવું પડ્યું કે આ બહુ ખરાબ વાત છે''.. પાંચ મહિનાની ગર્ભવતી અને ખાન યુનિસથી વિસ્થાપિત નૂર બાર્બેચે પણ રફાહમાં ફૂડ કેન્દ્ર ખુલવા માટે કલાકો સુધી રાહ જોઈ. ''ક્યારેક હું મારા ૧૨ વર્ષના મોટા પુત્રને મોકલું છું, પરંતુ તેને મારવામાં આવે છે. તે રડતો અને ખાલી હાથે પાછો આવે છે,'' બાર્બેચે કહ્યું. જો આ કેન્દ્ર ન હોત, તો અમારી પાસે કંઈ ન હોત,'' તેણીએ તેના હાથમાં ત્રણ ટામેટાં અને બે શેકેલ પકડીને કહ્યું. ''મને બ્રેડ મળી નથી.'' ''મારા બાળકોનું વજન ઘણું ઓછું થઈ ગયું છે, ભૂખ તેમને રાત્રે ઊંઘવા નથી દેતી.'' તેણીએ ઉમેર્યું હતું કે, તે ઈઝરાયલ અને હમાસ વચ્ચેની લડાઈનું કેન્દ્ર હોવા છતાં, તે ખાન યુનિસમાં તેના ઘરે પાછા ફરવાનું વિચારી રહી છે.

# પેપર ન ફૂટે તે માટે પાલી, માગધી, ચાઇનીઝ કે હિબ્રુ ભાષામાં છાપો!!

'હંગામા કયું બરપા, થોડી સી જો પી લી હે, ડાકા તો નહીં ડાકા ચોરીતો નહી કી હે હો હૌ' કરતા રાજુ જોની વોકરની જેમ લથડતી ચાલે મારા ઘરે આવ્યો.અલબત, પડદા પર જેને પાકોી પિયકકડ ગણતા હતા .તે જોની વોકર છાંટો પણ પીતા ન હતા, છતાં શરાબીની લાજવાબ એકટિંગ કરતા હતા.

'' રાજુ નાતાલ માથા પર ચડી ગઈ કે શું ? મોઢું ભીનું કરી આવ્યો?'' મારો સવાલ.

'' ના. ના. ગિરધરભાઇ . શરાબ એ ગૌમાટી છે. પેપર ફૂટવાના ફટાકડા ફૂટતા હતા એટલે વિષય ચેઈન્જ માટે ગુલામીઅલી સાહેબની ગઝલ બંધબેસતી હતી માટે ગાતો હતો.'' રાજુએ ખુલાસો કર્યો !!

''રાજુ. પેપર ફૂટ્યું છે, બોમ્બ તો ફૂટ્યો નથીને ? શીર સલામત તો પઘડી બહોત.પેપર ફૂટ્યું પરીક્ષા રદ કરી નવી લઈશું. નાપાક તત્વો સામે હાર નહીં માનવાની.શું સમજ્યો?'' મોટીવેશનલ ( આ જમાત કેવળ મનીથી મુવેબલ હોંય. રટુરટાયું બીબાઢાળ બોલી જાય!!) સ્પીકરની જેમ હોસલો વધા?ર્યો.

''ગિરધરભાઈ. આપણે પેપર કોણે ફોડ્યું, ક્યારે ફોડ્યું,શું કામ ફોડ્યું, કોના માટે ફોડયું, કેટલામાં ફોડ્યું,શા માટે ફોડ્યું, એમેચ્યોરે ફોડ્યું , પ્રોફેશનલ ફોડ્યું, શહેરીએ ફોડ્યું ,ગ્રામીણે ફોડ્યું ,અંદરનાએ ફોડ્યું, બહારનાએ ફોડ્યું, ફોડવા ખાતર ફોડ્યું, ફન ખાતર ફોડ્યું,પહેલી વાર ફોડ્યું, વારંવાર ફોડ્યું વગેરે ઝમેલામાં શું કામ પડવું ? '' રાજુએ લાંબું લિસ્ટ પકડાવ્યું.

જો રાજુ ઈવે પહેલીવાર અને પેપર ફોડેલું. સફરજન ખાધું અને નગ્નતાનું નગ્ન જ્ઞાન થયું . તેમાં દુનિયાની પથારી બેઠી કે ફરી ગઈ .તેના પરિણામ આખી દુનિયા ધુમાડાબંધ ભોગવે છે!! પેપર ફૂટવું પહેલી કે છેલ્લી ઘટના નથી. પ્રિ પ્રાઈમરીથી લઈને પેપરો ફૂટે છે. નોકરીના, પ્રમોશનના ઈવન લગ્ન કરવાની વાતો ફૂટે છે. પરિણામે રૂડો રૂપાળો કોઈ કામણગારીનો કાયમી કંથ થતા પહેલા ભૂતપૂર્વ બની જાય છે. ચડતી દેગડીમાં પાણો મારવાનાં લોકો માહિર હોય છે'' મેં રાજુને પરમ સત્ય કહ્યું.

''ગિરધરભાઈ. પેપર ફૂટે એનો વાંધો નથી પણ મુદ્રેશ- મુદ્રણનો ઈશ એટલે કે ભગવાન એટલે પ્રિન્ટિંગ પ્રેસ ઘર ભાળી જાય છે!! તમે વિચારો કે કેટલા છોકરા -છોકરી ઘરથી હજારો માઈલ દૂર રહી પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા પીજીમાં રહે છે. મોજશોખ ત્યજી, એશોઆરામ ત્યજીને લિટરરી ચોટલી કે ચોટલો બાંધીને તૈયારી કરે છે. પેપર ફૂટવાનો લાભ લઈને ઓટીવાળ કે બિગડે બાપ કી બિગડી ઔલાદ લાયક ન હોવા છતાં નોકરીમાં પછી છોકરીમાં ગોઠવાઈ જાય છે. પેલો હોશિયાર ધ્રુવ સ્વરૂપ થઈ ઉતાનપાદ રાજાના ખોળામાં બેસી શકતો નથી. તે આહત થાય છે. છેવટે ગુમનામીમાં ગરક થાય છે'' રાજુએ બિહામણું ચિત્ર રજૂ કર્યું .

''રાજુ. મેં હમણા જન પ્રતિનિધિ લકી ડેરોથી નક્કી કરવાનો લેખ લખ્યો હતો. હવે ભણવાની પરીક્ષા, ગણવાની પરીક્ષા, લણવાની પરીક્ષા, વણવાની પરીક્ષા, નોકરીની પરીક્ષાને અભેરાઈએ ચડાવવાનો સમય થઈ ચુકયો છે!!રતનના વરલી મટકા કે લોટરીનો ડ્રો યોજી નિર્ણય કરવાનો સમય આવી ગયો છે. કેટલી બચત થાય!'' મેં પેપર ફૂટવાના રામબાણ ઈલાજ દર્શાવ્યા!!

''ગિરધરભાઈ. તમારી વાત સાચી છે. ઉંચા દરજ્જાની નોકરીમાં પ્રિલિમિનરી, મેઈન્સ અને ઈન્ટરવ્યું લેવાય છે. તે મુજબ ત્રિસ્તરીય ડ્રો યોજવાનો રહેશે. પ્રિલિમાં જગ્યાની સંખ્યાના સો ગણા ઉનેદવારો માટે, મેઈન માટે પંદર ગણા ઈન્ટરવ્યુ માટે ત્રણ ગણા અને પસંદગી યાદી માટે સંખ્યા જેટલો જ ડ્રો કરવાનો રહેશે '' રાજુએ રૂપરેખા બહાર પાડી.

'' રાજુ. બીજો ધાંસુ આઈડિયા છે, જે જીંદગી તહસનહસ કરી નાંખે!! દરેક પરીક્ષાર્થીને લખવાના પેપર સાથે કોરો કાગળ દેવાનો. પરીક્ષા શરૂ થવાનો બેલ વાગે કે કહેવાનું કે દરેક જણ કોરા કાગળમાં પોતાને ફાવે તેવું ઓન ધ સ્પષ્ટ પ્રશ્ન પેપર કાઢે. સબ બનેંગે પેપરસેટર. આમ, થશે તો પેપર ફૂટવા કે ફોડવાની ધટના ભૂતકાળ બની જશે!! તંત્ર પર કાગારોળ કરનાર શિયાંવિંયા થઈ જશે.'' મેં આઈડિયા આપ્યો.

ગિરધરભાઈ. તમે પેપર ગુજરાતી ભાષામાં છાપો છો તેની જ મોકાણ છે. પેપર ફૂટવાનું કારણ તેની ભાષા છે. ગમે તેને ગંધ આવે કે પરીક્ષાનું પેપર છે અને બે રૂપિયા રળવાની કે કોઈ નજીકના સંબંધીને નોકરીએ લગાડવા કે ડીગ્રી મળે એટલે પેપર ફોડે છે. જો પેપરની ભાષા બદલી નાંખો તો? જો પ્રશ્નપેપર પાલી, માગધી , ચાઈનીઝ કે હિબ્રૂ ભાષામાં છાપો તો કોની મજાલ છે કે પેપર ફોડે. માનો કે પેપર ફોડે તો પણ ભાષા ન આવડતી હોય તો મોં વકાસીને બેસી રહેવા સિવાય શું કરી શકશે??'' રાજુએ મારફાડ યોજના રજૂ કરી !!

કોઈ વિચારશે કે રોમ ભડકે બળે ત્યારે નીરો પેટીવાજું વગાડશે???

ભરત વૈષ્ણવ

# ગુગલના ૩૦,૦૦૦ કર્મચારીઓની નોકરી પર લટકતી તલવાર

તા.૨૫

વિશ્વની અગ્રણી ટેક કંપની ગૂગલ ઈક્રમાં ફરી એકવાર છટણીના વાદળો ઘેરાઈ રહ્યા છે. કંપનીએ આ વર્ષની શરૂઆતમાં ૧૨,૦૦૦ કર્મચારીઓને બહારનો રસ્તો દેખાડ્યો હતો. કંપનીના ઈતિહાસમાં આ અત્યાર સુધીની સૌથી મોટી છટણી હતી. હવે ગૂગલ તેના આ યુનિટમાં ફેરફાર કરવા જઈ રહ્યું છે. ત્યારથી કર્મચારીઓમાં ફરી છટણીની પ્રક્રિયા શરૂ કરવાની ચર્ચા શરૂ થઈ છે. આ વિભાગમાં લગભગ ૩૦ હજાર લોકો કામ કરે છે. ગૂગલના સીઈઓ સુંદર પિચાઈએ તાજેતરમાં કહ્યું હતું કે કંપનીએ છટણી પ્રક્રિયા યોગ્ય રીતે હાથ ધરી નથી. જો કે, તેમણે કંપનીના ભવિષ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ પગલા તરીકે છટણીને યોગ્ય ઠેરવ્યું હતું.. તેમણે કહ્યું કે જો આવું ન કરવામાં આવ્યું તો ગૂગલને ભવિષ્યમાં ઘણા પ્રતિકૂળ પરિણામોનો સામનો કરવો પડ્યો હોત. જો કે, ૨૦૨૩ની શરૂઆતમાં છટણીને પગલે કોઈને કાઢવામાં આવ્યા નથી. જાણકારી અનુસાર, ગયા અઠવાડિયે આયોજિત મીટિંગમાં ગૂગલ અમેરિકા અને ગ્લોબલ પાર્ટનર્સના પ્રમુખ સીન ડાઉનીએ એડ સેલ્સ ટીમને રિસ્ટ્રક્ચર કરવાની યોજના વિશે જણાવ્યું હતું. જો કે તેમણે મીટિંગ દરમિયાન છટણીનો ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ કંપનીમાં કર્મચારીઓમાં આશંકાના વાદળો ઘેરાવા લાગ્યા છે. ગૂગલ સતત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (છૈં)માં રોકાણ કરી રહ્યું છે. આ સિવાય કંપની એડ ખરીદીમાં મશીન લર્નિંગનો ઉપયોગ કરી રહી છે.. છૈંના ઉપયોગને કારણે દરેક જગ્યાએ લોકોની નોકરીઓ જોખમમાં છે. જેના કારણે કર્મચારીઓમાં ભય ફેલાયો છે. જો કંપની કર્મચારીઓને બરતરફ નહીં કરે તો તેમને અન્ય વિભાગમાં ટ્રાન્સફર કરી શકાય છે. ગૂગલે હજુ સુધી આ મુદ્દે કંઈ કહ્યું નથી. પણ મોટાભાગના લોકોની વાત કરીએ તો એડ સેલ્સ ટીમ પર વધારે ખતરો છે. ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટે મંદીના ડરથી ૧૨ હજાર લોકોને નોકરીમાંથી કાઢી મૂક્યા હતા. પિચાઈએ કહ્યું હતું કે અમે અસરગ્રસ્ત કર્મચારીઓને જાણ કરવાનો યોગ્ય પ્રયાસ કર્યો નથી.

# સરકારે નવા રેસલિંગ એસોસિએશનને સસ્પેન્ડ કરી દીધું

તા.૨૫

ભારતીય રેસલિંગ એસોસિએશનની ચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી, જેમાં ભાજપના સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહના નજીકના સંજય સિંહની જીત થઈ હતી અને કુસ્તીબાજ અનિતા શિયોરાનનો પરાજય થયો હતો. આ પછી મહિલા રેસલર સાક્ષી મલિકે કુસ્તીમાંથી સંન્યાસ લઈ લીધો. હવે સરકારે નવા રેસલિંગ એસોસિએશનને સસ્પેન્ડ કરી દીધું છે. નવું રેસલિંગ એસોસિએશન રદ કરવામાં આવ્યું છે. સાથે જ ભારતીય રેસલિંગ ફેડરેશનના પ્રમુખ સંજય સિંહને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. કેન્દ્રીય રમત ગમત મંત્રી અનુરાગ ઠાકુરે રેસલિંગ એસોસિએશનને સસ્પેન્ડ કરી દીધું છે.. હાલમાં જ કુશ્તી સંઘે જૂનિયર નેશનલ ચેમ્પિયનશિપની જાહેરાત કરી હતી. જેમાં ટૂર્નામેન્ટ ૨૮ ડિસેમ્બર યુપીના ગોંડામાં શરુ થવાનું હતુ. જેને લઈ રેસલિંગ છોડી ચૂકેલી સાક્ષી મલિકે સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું મે કુશ્તી છોડી દીધી છે પરંતુ હું ખુબ પરેશાન છું. તે જૂનિયર મહિલા પહેલવાનોનું શું જે મને ફોન કરીને કહી રહી છે દીદી ૨૮ તારીખથી જૂનિયર નેશનલ ગેમ્સ છે અને તે નવી કુશ્તી ફેડરેશનને નન્દની નગર ગોંડામાં કરવાનો નિર્ણય લીધો છે. સાક્ષી મલિકે પોતાની પોસ્ટમાં લખ્યું કે, ગોંડા બ્રિજભૂષણનો વિસ્તાર છે.

# માહિતી પરિવારના નિવૃત્ત સંગઠન 'સેતુ'ના પ્રમુખપદે શ્રી આર. પી. નાયક અને મહામંત્રીપદે શ્રી કિર્તી પરમારની વરણી



માહિતીખાતાના નિવૃત્ત કર્મયોગીઓનું સ્નેહમિલન પુર્વ માહિતી નિયામક શ્રી જ્યોતિદ્ર દવે, પુર્વ સંયુક્ત માહિતી નિયામક શ્રીમતી શકુંતલાબેન ગોર, માહિતી-પ્રસારણ વિભાગના પુર્વ સચિવ શ્રી એમ.સી.નાયક અને રાજયભરમાંથી પધારેલા માહિતીખાતાના નિવૃત્ત કર્મયોગી ભાઈઓ-બહેનોની ઉપસ્થિતિમાં, ભારે ઉત્સાહ અને ઉમળકા સાથે યોજાયું હતું. જેમાં વિદાય લઈ ગયેલા - દિવંગત સાથીઓની યાદમાં મૌન અને તેમને શ્રધ્ધાસુમન સાથે, ૭૫ વટાવી ચૂકેલા સાથીઓનું શાલ અને સ્મૃતિચિહ્ન સાથે અભિવાદન પણ કરાયું હતું.

ઉપસ્થિત સૌએ જુના સંસ્મરણો અને યાદોને વાગોળીને, નવા વર્ષના આરંભ પછી યોજાયેલ આ સ્નેહમિલન સમારોહમાં પરસ્પર શુભેચ્છાઓનું આદાન પ્રદાન કર્યું હતું.

માહિતી પરિવારના નિવૃત્ત કર્મયોગીઓની નિષ્ઠાભરી સમર્પિત સેવાઓના સાક્ષી એવા પુર્વ માહિતી નિયામક અને આ સમારોહના અધ્યક્ષ શ્રી જ્યોતિદ્ર દવેએ, નિવૃત્તીમાં પણ પ્રવૃત્ત રહી શેષ જીવનમાં વધુ સ્વસ્થ રહી પોતાનામાં રહેલી શક્તિઓનો સૌ કોઈને સહાયરૂપ બની શકાય એ રીતે સમુચિત ઉપયોગ કરવા ઉપર ભાર મુક્યો હતો.

અતિથિ વિશેષપદે ઉપસ્થિત પુર્વ સંયુક્ત માહિતી નિયામક શ્રીમતી શકુંતલાબેન ગોરે એક સમયના સાથીઓને આ સ્નેહમિલન નિમિત્તે રૂબરૂ મળવાનો અવસર મળ્યો તેનો રાજીપો વ્યક્ત કરીને, નિવૃત્ત કર્મયોગીઓને એક છત્ર નીચે એકઠા કરવાના સંનિષ્ઠ પ્રયાસને બિરદાવ્યો હતો.

વિશેષ નિમંત્રિત વરિષ્ઠ સનદી અધિકારી શ્રી એમ.સી.નાયકે, એ સમયે પ્રચાર-પ્રસારની આજ જેવી અદ્યતન સુવિધાઓ નહોતી ત્યારે, પરસ્પર કોઈ પૂર્વગ્રહ કે દ્વેષભાવ વિના એમની સરકારી સેવામાં શ્રેષ્ઠ પ્રદાન કરનારા માહિતી ખાતાના સૌ નિવૃત્ત કર્મયોગીઓની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

નિવૃત્તી પછી પણ એમની ઉપયોગીતાને સાર્થક કરી રહેલા અધિક માહિતી નિયામક અને જાણીતા મોટિવેશનાલીસ્ટ અને કોલમ્નિસ્ટ શ્રી પુલક ત્રિવેદીએ ન માત્ર આ સમારોહનું મનભાવન સંચાલન કર્યું હતું, ×જીવન જીવવાની સાચી ઉમર અને સૌંદર્ય × વિષય પર મનનીય વક્તવ્ય પણ આપ્યું હતું.

સમારોહની આભારવિધિ પુર્વ સંયુક્ત માહિતી નિયામક શ્રી નટુભાઈ પરમારે કરી હતી.

ઉલ્લેખનીય અને સરાહનીય વાત એ રહી કે સમારોહમાં ઉપસ્થિત નહીં રહી શકેલા પુર્વ નાયબ માહિતી નિયામક શ્રી રામચંદ્ર બારોટે મંડળને રૂ.૧૧૦૦૦નું અનુદાન આપ્યું તો શ્રી પુર્વ માહિતી કર્મયોગીઓ શ્રી લક્ષ્મણસિંહ રાજપૂતે સન્માન માટેના સ્મૃતિચિહ્નો અને કિર્તી જે. પરમારે વુલન શાલો પોતાના તરફથી આપી હતી.

આજના સમારોહમાં માહિતી પરિવારના નિવૃત્ત કર્મયોગીઓના મંડળ (સેતુ)ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે પુર્વ માહિતી કર્મયોગીઓ શ્રી રણછોડભાઈ નાયકને અધ્યક્ષ પદની અને કિર્તી જે. પરમારને મંત્રીપદની જવાબદારી બહાલ રાખવામાં આવી હતી. દિનેશ ચૌહાણ અને ધીરુભાઈ કોટવાલની ઉપપ્રમુખો તરીકે, સર્વ શ્રી જી.આર.મારુ, મયુર શાહ, જગદીશ સત્યદેવ, સંજય શાહ, આર.એસ.પટેલની સંગઠન મંત્રીઓ તરીકે અને સર્વશ્રી બી.ડી.વાણવી, વસંત દવે, મિશ્રાભાઈની સહમંત્રીઓ તરીકે તથા પ્રવીણ પટેલની કોષાધ્યક્ષ તરીકેની નિમણૂંકોને બહાલ રાખવામાં આવી હતી.

સર્વ શ્રી જ્યોતિદ્ર દવે, પ્રકાશ લાલા, પુલક ત્રિવેદી, નટુભાઈ પરમાર, હર્ષદ ઠાકર, શકુંતલાબેન ગોર, વિભૂતિબહેન છાયા, પ્રજ્ઞાબેન પટેલની આ સંગઠનના માનદ સલાહકારો રૂપે વરણી કરાઈ હતી.

સર્વ શ્રી બી. એ. પ્રજાપતિ, કૌશિક જે મહેતા, શંભુભાઈ દેસાઈ, મુકેશ પટેલ, કુ. સ્વાતિ રામાણી, એચ. કે. દોશીની કારોબારી સભ્યો તરીકે વરણી થઈ હતી.

# ''ગૌ સેવા દ્વારા રાષ્ટ્ર સેવા'' અને ''ગૌ આધારિત અર્થ વ્યવસ્થા'' વિષે માર્ગદર્શન આપતા રાષ્ટ્રીય કામધેનુ આયોગ ના પૂર્વ અધ્યક્ષ ડૉ.વલ્લભભાઈ કથીરિયા

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના પ્રાસલા ગામે છેલ્લા ૨૪ વર્ષથી સ્વામી શ્રી ધર્મબંધુજીના નેતૃત્વ હેઠળ ડિસેમ્બર માસમાં નિયમિત રીતે રાષ્ટ્ર કથા શિબિર એક અનોખું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે આ કથા ૧૭ થી ૨૪ ડિસેમ્બર સુધી યોજાયેલ છે. જેમાં અરુણાચલ થી માંડીને રાજસ્થાન અને કાશ્મીર થી માંડીને કન્યાકુમારી સુધીના દરેક રાજ્યોમાં થી હાઈસ્કુલ અને કોલેજના વિદ્યાર્થી - વિદ્યાર્થીનીઓ રાષ્ટ્રભક્તિના, સંસ્કાર સાથે વ્યક્તિત્વ વિકાસ સમાજ સેવા, રાષ્ટ્ર સેવા, વ્યવસાય, યોગ અને ખાસ કરીને મિલેટ્રી ટ્રેનિંગ મેળવે છે. આ



શિબિરમાં રાજકીય, સામાજીક અધિકારીઓ અને ત્રણેય સેનાના, જર્નલ્સ, બ્રિગેડીયર વગેરે દ્વારા અનેકવિધ જ્ઞાનપ્રદ માહિતી આપવામાં આવે છે દેશભરના રાજકીય, ધાર્મિક વૈજ્ઞાનિક અને સામાજિક આગેવાનો દ્વારા વિદ્યાર્થીઓને સંબોધન સાથે તેમના અનુભવોની આપ - લે કરવામાં આવે છે. ૨૧ મી સદીના ભવ્ય અને દિવ્ય ભારત નિર્માણમાં તેઓ શ્રેષ્ઠ નાગરિક બની શકે તે માટેનું ભાથુ લઈને ૧૪,૫૦૦ થી પણ વધારે યુવાનો અને વિદ્યાર્થીઓ રાષ્ટ્રભક્તિના સંસ્કાર સિંચન સાથે એક શ્રેષ્ઠ નાગરિકત્વ ના ગુણો પ્રાપ્ત કરી વિદાય લે છે. આ પ્રસંગે યુવા વિદ્યાર્થીઓને યુવા અવસ્થા દરમ્યાન રાષ્ટ્રભક્તિ, દેશ માટે કર્તવ્ય બોધ, ગૌ સેવા દ્વારા રાષ્ટ્ર સેવા કઈ રીતે થઈ શકે અને ગૌ આધારિત અર્થ વ્યવસ્થા દ્વારા યુવાનો કઈ રીતે રોજગારી મેળવી શકે અને પોતાનો વ્યવસાય કરી શકે તે માટે રાષ્ટ્રીય કામધેનુ આયોગ ના પૂર્વ અધ્યક્ષ ડૉ.વલ્લભભાઈ કથીરિયા એ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સરકારના આદરણીય પૂર્વ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શક્તિમાન તરીકે નામના મેળવનાર શ્રી મુકેશ ખન્ના, ભાજપા અગ્રણી શ્રી દેવશીભાઈ ટાઢાણી અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરામાં સાવલી તાલુકાના વાકાનેર ગામે તસ્કરો ત્રાટક્યા : ત્રણ મકાનના તાળા તૂટ્યા

વડોદરા,તા.૨૫

વધતી જતી ઠંડીનો લાભ લઈ સાવલી તાલુકાના વાંકાનેર ગામે તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. અને ગામના બે મકાનમાંથી સોનાના દાગીના, રોકડા અને અને અન્ય એક મકાનના આંગણે પાર્ક કરેલા બાઈકની ચોરી કરી કુલ રૂ.૬૦,૦૦૦ની માલમત્તાની સાફસુફી કરી તસ્કરો નાસી ગયા હતા. તેથી ફફડાટ ફેલાતા રાત્રે પેટ્રોલિંગની માગ ઉઠી છે.

સાવલી તાલુકાના વાંકાનેર ગામના વડોદિયાવગામાં રહેતા સ્વરૂપબેન બોડાણાએ ભાદરવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે ૨૩મી તારીખે રાત્રે ૯:૦૦ વાગ્યા બાદ તેમના ઘરમાં બંધ દરવાજાનું તાળું તોડી તસ્કરોએ ઘરમાં પ્રવેશ કર્યો હતો અને મકાનમાં મુકેલા લાકડાના કબાટને તોડી નાખી તેમાંથી ૧૦ ગ્રામનો રૂપિયા ૩૦,૦૦૦ની કિંમતનો સાંકળ ભાતનો સોનાનો અછોડો તેમજ રોકડા રૂપિયા ૫,૦૦૦ મળી કુલ રૂ.૩૫,૦૦૦ની મતા ઉઠાવી ગયા. ત્યારબાદ ગામના કૌશિક પુરી ગોસ્વામીના મકાનના દરવાજો તોડી ૧૫૦૦૦ની કિંમતનો સાત ગ્રામનો સોનાનો દાગીનો તેમજ ગામના અર્પણ પટેલના ઘરના આંગણે મુકેલી હીરો બાઇકની કરી કુલ ગામ ૬૦,૦૦૦ની માલમતા ચોરી ગયા હોવાની ફરિયાદ નોંધાઈ છે. ગામમાં એક જ રાતમાં ત્રણ જગ્યાએથી ચોરી થતા નાઈટ માગો ઉઠી છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO : : 200**
વિષય : : સંબંધોની આંટીઘૂંટી
પ્રકાર : : ગદ્ય - લઘુકથા
શબ્દો : : ૩૫૦
શીર્ષક : : અતૂટ સંબંધ :

રાધા અને મોહન. રાધા સત્તર વર્ષની થઈ ત્યારે મોહનની સામેના મકાનમાં રહેવા આવી હતી. ઓગણીસનો મોહન અને રાધા, એકબીજાના પરિચયમાં આવ્યા. તેઓની મૈત્રી પ્રણયમાં પરિણમી હતી. મોહનના ઘરની સામે નવા ભાડુઆત રહેવા આવ્યા હતા. તેની ૨૪ વર્ષની દીકરી લલિતા, મોહનને જોતાં જ મોહી પડી.

તેને જાણ થઈ કે મોહન અને રાધાનો તો અતૂટ સંબંધ હતો. તે મોહનને મનોમન પ્રેમ કરતી પણ દૂરથી. તેણે મોહન-રાધાનો સંબંધ તોડવાની કોઈ ચેષ્ટા કરી નહીં.

મોહનની નોકરી કષ્ટદાયક હતી. મજૂરો સાથેની લમણાઝીંક અને ફેક્ટરીમાં દોડાદોડી. રાધા સાથે તે રવિવારે સમયે ગાળી શકતો. તેઓ બંને એકબીજાના સાનિધ્યમાં પ્રેમગોષ્ઠિ કરી, તેમના સંબંધને ઘનિષ્ઠ બનાવતા હતા.

એક દિવસ અચાનક મોહન તાવમાં પટકાયો. સૌને લાગ્યું, વધુ પડતા શ્રમને કારણે હશે. ફેમિલી ડોક્ટર અને પછી સ્પેશિયાલિસ્ટને બતાવી, દવા કરી, પણ ખાસ ફેર પડ્યો નહીં. બ્લડટેસ્ટ તથા અન્ય ટેસ્ટના રિપોર્ટ આવી ગયા. રિપોર્ટની વિગત જાણતાં મોહનના કુટુંબ પર જાણે વજાઘાત થયો. મોહનને બ્લડકેન્સરનું નિદાન થયું. દવા બદલતાં તાવ તો ઉતરી ગયો અને થોડા દિવસ બાદ તે નોકરી પર પણ ચડી ગયો. રાધાને રિપોર્ટ વિશે જાણ થવા દીધી નહોતી.

મોહને નક્કી કર્યું કે રાધા સાથે નિકટના સંબંધ વધારવા યોગ્ય નહીં ગણાય. રાધાને લગ્નમાં સુરત જવાનું હતું. મોહને રાધાને મેસેજ કર્યો કે મને હવે સારું છે. આપણે રવિવારે કાંકરીયા ફરવા જઈએ.

રાધાને સુરત જવાનું હોઈ તેણે ના લખી. મોહને લખ્યું, ‘‘જો તું નહીં આવે, તો હું સમજીશ કે આપણા સંબંધ કાચના હતા. ગમે ત્યારે તૂટી જાય એવા. રાધાને ખૂબ નવાઈ લાગી. તેણે ફોન કરવા પ્રયત્ન કર્યો, પણ નો રિપ્લાય. સુરતથી પરત આવ્યા બાદ પણ મોહને રાધાની અવગણના કરી અને લલિતા સાથે વધારે દેખાવા લાગ્યો. જોકે તેણે લલિતાને સમજાવીને દેખાવ કરવા માટે મનાવી લીધી હતી.

પંદરવીસ દિવસ બાદ મોહનની તબિયત લથડી. તેને દવાખાને દાખલ કરતાં લોહીની ઉણપ જણાઈ. તેનું બ્લડ ગ્રુપ ચેક કરતાં નેગેટીવ જણાયું. બધા ચિંતામાં પડી ગયા. બ્લડ માટે ડૉક્ટરે બે દિવસનો સમય આપ્યો હતો.

રાધાને બધી દોડાદોડી નજરે પડી હતી. તે લલીતાને મળવા ગઈ. લલીતાથી રહેવાયું નહીં. તે રડી પડી અને રાધાને બધી વાત કરી. નેગેટીવ બ્લડ ગ્રુપની જરૂર છે, એવી માહિતી રાધાને મળતાં તે હોસ્પિટલે દોડી ગઈ. તેનું પોતાનું ગ્રુપ નેગેટીવ હતું. આગળની વાત તો આપ સુજ્ઞ વાચકો જાણી શક્યા હશો. કાચના સંબંધ લોહીના સંબંધ બની ગયા.

નામ : નિશીથ બક્ષી "નિજાનંદ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NSO SS NO- 112**
વિષય - સંબંધોની આંટીઘૂંટી
પ્રકાર - પદ્ય
શીર્ષક - "સંબંધોનુ ગણિત "

"સંબંધોનુ ગણિત "

સબંધોનુ ગણિત,સાવ ખોખલુ થતુ જાય છે,
સબંધો બાંધી જૂઠા, વિશ્વાસઘાત કરાય છે.
ડર નથી દુશ્મનનો, તે સરાજાહેર ઓળખાય છે,
.હિત શત્રુઓથી જ હવે, માણસ દુઃખી થાય છે.
બહેન બનાવી ધર્મની, એને જ લૂંટાય છે,
ક્યાં રહ્યા સબંધો સાચા, મતિ હવે મૂંઝાય છે.
હતા સબંધો લાગણીના, એ લુપ્ત થતા જાય છે,
સબંધોના નામે આજ, ગેર ઉપયોગ થાય છે.
જુઓ જગતમાં હવે,રોજ નવા કિસ્સા જણાય છે,
."રાજ " ન પારકાથી, લોકો પોતાનાથી જ હણાય છે. ,
, રાજેશભાઈ એસ વ્યાસ, મોરબી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS N0:109**
શિર્ષક :સબંધ
પ્રકાર :-પધ

શૂનશાન હરિવંત
વગડા જેવો બેઠો
સ્વચ્છ ઝરણાનું સંગીત પીતો
પક્ષી શાંત હતા
ડાળખીઓ ઝૂકી હતી
ફુલો ઢોળી રહ્યા
સુવાસના કળશો
મૌન,અચરજ,આનંદ
તુપ્તિ લઈને હું નિરવશાતિ ઓઢી
ઘટાદાર ઝાડતળે
પડી ગયો અડેલે
વહેતી લહેરખી
શીતળ સ્પર્શ કરી જતી
મારી ભીતર ઊતરી કાળજાને
ને પડયો
આંટીઘુટી સર્જી ચક્રવાક જેવો
વંટોળ થઈ
ક્રુર કડાકો
મારા શરીર ઉપર
ઈન્દ્રના વજ્ર જેવો !!!

બાબુ સંગાડા"મહેક"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS.No.0098**
નામ:- લીના શર્મા.
વિષય:- સંબંધો ની આંટીઘૂંટી
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- સ્વાર્થ

મિત્રો, જીવન અને સંબંધો માંના ગર્ભ માનો જીવ જ્યારે ધરા પર અવતરે છે ત્યારે ઢગલાબંધ સંબંધો જોડે જોડાય છે.તે જીવ ધીરે ધીરે સંબંધો ની આંટાઘૂંટી માં ખોવાઈ જાય છે.

સંબંધ કોઈ પણ પ્રકાર ના હોય પારિવારિક,કૌટુંબીક, સામાજીક,રાજકીય, આધયાતમિક,ધાર્મિક જેવા .આવા સંબંધો ના બંધન મા આપણાં ને લાગણી ,પ્રેમ, સૌહાર્દ, કટાક્ષ,અપેક્ષા,સુખ-દુઃખ, મુંઝવણ, ઔપચારિકતા,ઈર્ષા ,રાગદ્વેષ, સ્વાર્થ, પરમાર્થ નો સમાવેશ જોવાય છે.

મિત્રો,એક કિસ્સો છે જેને આપ સૌ સમક્ષ રજુ કરુ છું.

એક બ્રાહ્મણ બ્રાહ્મણી અને એમનો એક નાનો પુત્ર આવો નાનકડો પરિવાર હતો. એમને ભગવાન શંકર ની તપસ્યા કરી હતી.ભગવાન શંકર અને પાર્વતી ત્યાં થી પસાર થઈ રહ્યાં હતા.પાર્વતી જી એ કહ્યુ જો આ કેટલા મોટા સાધક છે અને એમને કેટલુ અનુષ્ઠાન કર્યો છે એમને વરદાન આપવો જોઈએ. શંકર ભગવાને ના પાડી .કેમ? કેમકે એમને શંકર જેવું નથી બનવુ.ફક્ત શંકર ને બિલીપત્ર અને ધતુરા ગમે છે માટે પૂજા કરે છે. પાર્વતી જી એ કહ્યુ ના વરદાન આપી જ દો પ્રભુ. શંકર જી એ કહ્યુ આપી દઈશ. સૌથી પહેલા બ્રાહ્મણી આવી. ભગવાને કીધુ માગી લો વરદાન શું જોઈએ? માંગવુ હોય તો એવું માગજો જેમાં તમારુ ને બીજાનો કલ્યાણ થાય.બ્રાહ્મણી એ કહ્યુ બીજા થી અમને શું લેવુ દેવુ ..અમને શું લાભ? અમને તો અમારા માટે જોઈએ .શંકર જી એ કહયુ શુ જોઈએ? એમને કહ્યુ પ્રભુ મરવાનો સમય આવી ગયો છે મને તો રૂપ યૌવન જોઈએ છે.એને રુપ યૌવન મળી ગયુ.

બીજી બારી બ્રાહ્મણ ની આવી.શંકર જી એ કહ્યુ તમે પણ વરદાન માગી લો. બ્રાહ્મણ બ્રાહ્મણી ના રુપ યૌવન ના વરદાન થી ગુસ્સો થી તમતમાવી રહ્યો હતો.એમને કીધું પ્રભુ મારી પત્ની ને ભેંસ બનાવી દો , એમને પણ વરદાન મળી ગયુ.

ત્રીજી બારી બ્રાહ્મણ ના પુત્ર ની આવી.શંકર જી એ કહ્યુ બેટા તૂ પણ માંગી લે વરદાન. છોકરો મમ્મી ને ભેંસ ના રુપ ને જોઈને રડતો હતો.હવે મારુ લાલન પાલન કોણ કરશે? મને કોણ ખવડાવશે? મને કોણ પ્યાર કરશે? પ્રભુ મારી માં જેવી હતી તેવીજ બનાવી દો. શંકરજી એ જળ છિડકયુ એમની મા જેવી હતી તેવી બની ગઈ. ત્રણોને વરદાન મળયુ પણ ત્રણો ના હાથ ખાલી ને ખાલી જ.

મિત્રો,વિચાર્યુ આવુ કેમ થયુ? કેમકે સંબંધો ના બંધન માં વિંટાયેલા હતા.એમાં ખોવાઈ ને પોતાના સ્વાર્થ માટે વરદાન માગ્યો હતો. પરમાર્થ માટે નહી.

ઈતિ.
??
લીના શર્મા..હાલોલ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.205**
નામઃ ચાંદની અગ્રાવત
વિષયઃ સંબંધોની આંટીઘુંટી
પ્રકાર : પદ્ય
શિર્ષકઃ હિંમત

હિંમત

શિશિરનાં કદમ ઘરની બહાર નીકળ્યાં પણ એને પોતાને જ ખ્યાલ ન હતો કે તે શું કરે છે.મનમાં હજી શૂન્યાવકાશ વ્યાપેલો હતો. આંખોમાંથી ટપકતાં આસુંઓની ધાર આજ બેફિકર હતી.એ જોઈને વેવલો કે જણ માણસ થઈ રડે એવું કહેવા વાળું નહોતું.

એનો છેલ્લો ભ્રમ પણ ભાંગી ગયો એનાં કદમ રોકવા માટે એક પણ અવાજ એની પીઠ પર ન અથડાયો."શિશિર આ લાવી દે , ભાવિન ને તારો નવો શર્ટ ગમે ઈન્ટર્વ્યુ માટે . અમે લોકો ડોનર માટે જઈએ ટેબલ બુક કરાવી દે"! આ શબ્દોનો ઘોંઘાટ ખાલી મનમાં પડઘાની જેમ વાગતો હતો.

એ પોતાનાં મન ગમતાં ચાનાં ઠેલા પર જઈ બેઠો..અહીં જ તો એની આભાર - નિહારીકા રવિયા મુલાકાત શિખા સાથે. એનો ચહેરો તરવરી ગયો. એ સાચું જ કહેતી હતી." તું ઘરમાં વાત નથી કરતો માત્ર ઓડર્સલે છે! અને જીનની જેમ ઈચ્છાઓ પુરી કરે છે. તું જુએ છે પણ સમજવા સ્વીકારવા નથી માંગતો." પોતે ક્યાં સ્વીકારવા માંગતો જ હતો..અતિ શ્ર્ધ્ધા અને વિશ્ર્વાસે આંખ પર પડદો પાડી દીધેલો. શિખાને જ્યારે તેનાં ગાયનેકે આરામ કરવાં કહ્યું ને પોતે પુરા સમયની આયા રાખી તો માંએ દરવાજેથી જ પાછી વાળી દીધી. અમે છીએ જ ને ! ધ્યાન રાખશું અને આમેય ઘરે બેઠાં ઓફિસનું કામ કરે જ છે ને!

શિખા તે દિવસે ખૂબ રડી.પોતાની કમાણીમાં પોતાનો જ હક નહીં. એ ચિંતા અને કામનાં ભારણે તેની તબિયત લથડી.બાળક ગુમાવવાનું દર્દ પણ પોતાની આંખ પરની પટ્ટી ન ખોલી શક્યું..જતાં જતાં શિખા એક જ વાત બોલતી ગઈ.." માં બાપને તો સહું સંતાનો સરખા એ દુનિયાનું સૌથી મોટું જુઠ છે , શિશિર શબ્દો નહીં વ્યવહાર જાણ".

તોય પાંચ પાંચ વર્ષ એ શિખાથી દુર રહી આ ઘર પાછળ ઘસાતો રહ્યો. કહ્યાગરા અને ડાહ્યાં દિકરાનું બિરુદ ગુમાવવું થોડું પોષાય! અતિ ચિંતા , ખાવા પીવાની અનિયમિતતાં એ બધાનાં કારણે ટી.બી થયો.. છ મહિના
દવા લેવાની હતી.ઘરે આવ્યો ત્યા જ ભાવિન બોલ્યો" ભાઈ તમે કબીરને અડતાં નહીં ને છ મહિના જો ભાભી ને ત્યાં રહો તો સારું.આમેય તમારાં છુટાછેડા ક્યાં થયા છે?.."

તેણે મા પાપા પર નજર ફેંકી બંને મુક સહમતિ હોય તેમ આડું અવળું જોઈ ગયાં.ખાંસીનું જોરદાર ઠસકું આવ્યું ને એનાં ધક્કાથી આખરે ઉંબર ઓળંગવાની હિંમત આવી...

ડો.ચાંદની અગ્રાવત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 190**
તાઃ ૨૫/૧૨/૨૦૨૩
વિષયઃ સંબંધોની આંટીઘૂંટી
પ્રકારઃ પદ્ય (મૌલિક રચના)
શીર્ષકઃ સંબંધોની આંટીઘૂંટી

સંબંધોની આંટીઘૂંટી, આંટીઘૂંટી ના સંબંધો,
ભીડની વચ્ચે રહીને પણ રહ્યાં સૂનાં સંબંધો.

કોઈ એને ભાર સમજે, કોઈ બસ વહેવાર સમજે,
હક-ફરજ વચ્ચે જ અટવાયાં કર્યા સૌનાં સંબંધો.

ક્યાં રહી એ લાગણી જ્યાં ફાલતા ફૂલતા સંબંધો,
કોરી ભાવનાઓ વચ્ચે બસ રહ્યાં કોરાં સબંધો.

દૂરનાં ને પાસે લાવ્યાં, પાસેનાથી દૂર થઈને,
ના પછી રહ્યાં પોતાનાં, ના રહ્યાં પારકાં સંબંધો.

મારું તારું કરતાં કરતાં સંબંધોની શાખ પણ ગઈ,
તેં છતાં સુધર્યા ના કોઈ, ના સુધર્યા કોઈનાં સંબંધો.

સમય પર જે કામ આવે એજ તો સાચો સંબંધ છે,
બાકી તો છે દુનિયામાં બસ માત્ર કહેવાના સંબંધો.

કૌશલ પુરાણી "નિઃશબ્દ"વડોદરાથી ??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No. : 0141***
★વિષય : "સબંધો ની આંટીઘૂંટી"★
★શીર્ષક : "તો ખબર પડે!"★
★શબ્દો : ૧૫૦★
★લેખક નું નામ : રસિકભાઈ વી પરમાર "રવ"

સૂનકાર શું છે તે, જબ્બર લગાવ હોય તો ખબર પડે!
આહટ શું છે તે, ત્યાં સરવા કાન હોય તો ખબર પડે!
વિયોગ શું છે તે વ્હાલથી વિખૂટા પડો તો,
સંયોગ શું છે તે ચાર આંખ જો, મળે, તો ખબર પડે!
સિલસિલો ચાલુ રહ્યો હોત તો સારું હતું,
પ્રણય ઘેરો, ને સંગીન, અંતરમાં ભળે તો ખબર પડે!
સ્વપ્નમાં, સાવ અચાનક બધું વહ્યું હોત,
બંધ બાંધીને ભેગો કરેલ, ભરાવો ટળે તો ખબર પડે!
હજીય સમય છે, સંભાળી લો તો ક્ષમ્ય!,
બંધ તૂટ્યા પછી, મેદાને મીન ટળવળે તો ખબર પડે!
હાથ કશું રહેશે ના, ત્યજી જવાશે ક્યાંય,
સબંધો ની આંટીઘૂંટી, સુપેરે ઉકેલાય તો ખબર પડે!
મને ભૂસકા મારવાની ટેવ! ઊંધું ઘાલીને,
તે જાળવી જાળવીને ચાલે! ભટકાય તો ખબર પડે!
અરધી રાતે ઉઠી જાઉં, ને એકલતા સાલે,
કાનમાં કશું કહી જાય ગમતું, "રવ"ને તો ખબર પડે!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS N0 : 120**
પ્રકાર : પદ્ય (અછાંદસ)
વિષય : સંબંધોની આંટીઘૂંટી
શીર્ષક : જોડાઈ જાય
શબ્દો : ૧૨૫

જન્મ્યા ત્યારથી સંબંધોમાં જોડાઈ જાય,
આજીવન અનેક સંબંધોમાં સૌ-સૌ જોડાઈ જાય.

આપણાં સંબંધોને કેમ જીવિત રાખવા,
કારણ શોધીને એકબીજામાં સંબંધો જોડાઈ જાય.

બાળક જન્મતાજ રડવાની શરુઆત કરે ત્યારે,
શિશુને માતા સ્તનપાન કરાવા સંબંધો જોડાઈ જાય,

જેમજેમ મોટા થતાં જાય તેમતેમ વધતા રહે,
પરિવાર સાથે નિત્ય નવા સંબંધોમાં જોડાઈ જાય.

માતા-પિતાને વળી દાદા-દાદીના વિકસે સંબંધો,
મોટા થતાં ભાઈ-બેનને પરિવાર સાથે જોડાઈ જાય.

કિશોરાવસ્થામાં મિત્રતાને ભાઈચારો બંધાય,
બધા ગાઢ સંબંધો આપસમાં આવીને જોડાઈ જાય.

યુવાનીમાં જીવનસંગિની સાથે બંધાય બંધનો,
આજીવન બે જીવ સહવાસમાં સંબંધ જોડાઈ જાય.

સંતાનોની સાર સંભાળ રાખવામાં વિતે જીવન,
કુટુંબની જવાબદારીઓમાં સંબંધો જોડાઈ જાય.

જીવનનાં તાણા-વાણામાં વણાઈ જાય ઘડપણ,
જીવનની નાવ સંબંધોની આંટીઘૂંટીમાં જોડાઈ જાય.

ચડતી પડતીના બંધનમાં સૌ બંધાઈ જતા હોય,
★રમા★ કહે જીવનમાં મીઠાશનાં સંબંધો જોડાઈ જાય.

ડૉ રમીલાબેન ડી મકવાણા ★રમા★
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS N0: 205**
પ્રકારઃ પદ્ય
વિષય : સંબંધો ની આંટીઘૂંટી

વિખાતો ગયો આ સંબંધ રૂપી સંસાર
તૂટી ગયો આજ એકતા નો તાર
જેના લાડ કોટ થી તમે મોટા થયા
તે માં.બાપ આજ તમારા થી વિહોણા થયા
આતો સંસાર રૂપી લાડવો ખાધો તો પણ પસ્તાય અને ન થાય તો પણ પસ્તાય
જ્યારે પારકી જાણી કાનકું કે ત્યારે પુરુષના બે હાલ થાય
પણ આજનો પુરુષ જાય ક્યાં

પૈસા ને પરમેશ્વર સમજી બેઠી આ દુનિયામાં સંબંધ ક્યાં સચવાય છે
નીચું નમવું કોઈને ગમતું,નથી અને અહમ કોઈને મૂકવો નથી.
આમાં કિયા થી રાગ થાય
અરે મને ખબર શે કે ધોકા મારવાથી પણ પાણી નોખા ના પડે
પોતાનું કોઈને ગમતા નથી અને પારકા નું સૌ કોઈ સાંભળવા તૈયાર
હું હું કરતાં હાલમાં માનવ તારે હું નો નથી પાર
કાયા તારી ક્યારે પલટી જશે તેને નહિ લાગે વાર
ન ટૂટે કોઈ કુટુંબ પરિવાર,ની એકતા કાયમ બની રહે સંગઠીતતા
તેઓ પ્રભુને કરે પોકાર આજ આ પથિક
પથિક ઉર્ફે.વિજયસિંહ બાબુસિંહ ઝાલા.ઢવાણા .હળવદ

# રોકડ અંગે આવકવેરાના નિયમો બદલાશે.. ૫૦ હજાર ઉપાડશો તો આધારકાર્ડ બતાવવું પડશે

તા.૨૫

ઘરે રોકડ મર્યાદા વિષેના નિયમો સામે આવ્યા. ઘણા લોકો હજુ પણ રોકડમાં વ્યવહાર કરવાનું પસંદ કરે છે. આ માટે લોકો બેંકો અથવા એટીએમમાંથી એક સાથે વધુ રોકડ ઉપાડે છે. પરંતુ શું તમે જાણો છો કે ઘરમાં વધુમાં વધુ કેટલી રોકડ રાખી શકાય છે? રોકડ અંગે આવકવેરાના નિયમો શું છે? ઈ-ટ્રાન્ઝેક્શન વધ્યા હોવા છતાં રોકડમાં પણ વધારો થયો છે.કોરોના કાળથી ડિજિટલ ટ્રાન્ઝેક્શનનું વલણ નોંધપાત્ર રીતે વધ્યું છે. હવે લોકો મોટાભાગના વ્યવહારોૌ અને ડેબિટ-ક્રેડિટ કાર્ડ દ્વારા કરી રહ્યા છે. પરંતુ લોકો હજુ પણ રોકડમાં વ્યવહાર કરવાનું પસંદ કરે છે. આના માટે લોકો છ્સ્માંથી એક સાથે વધુ રોકડ ઉપાડે છે, પરંતુ શું તમે જાણો છો કે ઘરમાં કેટલી રોકડ રાખી શકાય છે (ઝકજર નૈ્દૈ ક ઔૅદ્બી).. આ માહિતી રાખવી પણ જરૂરી છે કારણ કે જો તમારી પાસે લિમિટ કરતા વધુ રોકડ હોય તો તમારે દંડ ભરવો પડી શકે છે. ઈક્મ ટેક્સ ડિપાર્ટમેન્ટના નિયમો અનુસાર તમે ઘરમાં જોઈએ તેટલી રોકડ રાખી શકો છો. પણ જો તમારે તમારા ઘરમાં રાખેલા પૈસાની વ્યવસ્થા કરવી હોય તો. જો ક્યારેય કોઈ તપાસ એજન્સી તમને પકડે છે, તો તમારે આ રોકડનો સ્રોત જણાવવો પડશે. જો તમે ખોટા માધ્યમથી પૈસા કમાયા નથી તો તમારે ગભરાવાની જરૂર નથી. આ માટે તમારી પાસે સંપૂર્ણ દસ્તાવેજો હોવા જરૂરી છે. જો તમે ટેક્સ રિટર્ન ફાઈલ કર્યું હોય તો પણ ગભરાવાની જરૂર નથી. આનો અર્થ એ છે કે ઘરમાં પુષ્કળ રોકડ રાખવાથી કોઈ સમસ્યા નથી.. જો તમે ઘરમાં રાખેલી રોકડનો સ્રોત જણાવવામાં સક્ષમ નથી, તો તપાસ એજન્સી તમારી વિરુદ્ધ કાર્યવાહી કરશે.

# ઉનામાં નકલી આધાર કાર્ડ બનાવવાના મોટો કૌભાંડનો એલસીબીની ટીમે પર્દાફાશ કર્યો

ગીર સોમનાથ,તા.૨૫

રાજ્યમાં વધુ એક નકલીનો કિસ્સો સામે આવ્યો છે. ગીર સોમનાથ જિલ્લાના ઉનામાં નકલી આધાર કાર્ડનો વેપલો પકડાયો છે. એક શખ્સ પોતાની દુકાનમાં લોકોને કોઈપણ જાતના આધાર પુરાવા વિના આધાર નકલી આધાર કાર્ડ બનાવી આપતો હોવાની ફરિયાદ નોંધાઈ છે. એલસીબીના દરોડામાં ઉના બસ સ્ટેશન પર આ શખ્સ નકલી આધાર કાર્ડ બનાવતી આપતો રંગેહાથે પકડાયો હતો. હાલ પોલીસની તપાસ ચાલુ છે. મળતી માહિતી પ્રમાણે, ગીર સોમનાથના ઉનામાં નકલી આધાર કાર્ડ બનાવવાના મોટો કૌભાંડનો એલસીબીની ટીમે પર્દાફાશ કર્યો છે. ખરેખરમાં, ઉનામાં બસ સ્ટેશનની નજીક એક શખ્સ કોઈપણ જાતના આધાર પુરાવા વિના જ લોકોને આધાર કાર્ડ બનાવી આપતો હતો, આ બતામીના આધારે પોલીસે અચાનક દરોડાના કાર્યવાહી કરી હતી, જેમાં પોલીસે આરોપી શખ્સ સહિત દુકાનમાંથી કૉમ્પ્યૂટર અને અન્ય બીજા સાધનોને કબજો કર્યા હતા. પોલીસની પુછપરછમાં અન્ય શખ્સો પણ આ મોટા કૌભાંડમાં સામેલ હોવાનું ખુલ્યુ હતુ. મહત્વનું છે કે, નકલી આધાર બનાવી આપનારો આરોપી શખ્સ આ પહેલા એક બેક્રમાં આધાર કાર્ડનું કામ કરતો હતો, જ્યાં તે આધારમાં જરૂરી સુધારા વધારા કરતો હતો, જોકે, ત્યાં પણ તેની ગતિવિધિઓ શંકાસ્પદ લાગતા તેને નોકરીમાથી કાઢી મુકાયો હતો. આ પછી આરોપી શખ્સે ઉના બસ સ્ટેશન નજીક એક દુકાન ખોલીને આધાર કાર્ડના મસમોટા કૌભાંડની શરૂઆત કરી હતી. હાલમાં આ મામલે પોલીસ માત્ર ને માત્ર તપાસ ચાલુ હોવાનું જ રટણ કરી રહી છે.

### સુબીર તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે

# તલાટી અને સરપંચ ની જુગલબંધી ઘણું બધી કહી જાય છે ટી ડી ઓ સાહેબ ઘોર નિંદ્રામાં....? કે મિલી ભગત ત્રણેની



આહવા.

ડાંગ જિલ્લા પચાયતનાં સુબીર તાલુકા પચાયત હસ્તક આવતાં હનવતપાડા ગ્રામ પચાયતનાં જાળસોળ ગામની ન્યૂઝ ઓફ ગાંધીનગર અખબારનાં પ્રતિનિધિએ સ્થળની મુલાકત કરી હતી જેમાં જાણવાં મળ્યું હતું કે જાળસોળ ગામ માં રહેતાં બરડે સોન્યાંભાઈ સીતારામભાઈ નાં નામે વર્ષ-૨૦૨૦-૨૦૨૧ માં કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજનામાં પાકું આવાસ બનાવવા માટે રૂ.૧લાખ ૨૦ હજાર મંજુર હતાં જે-તે સમયનાં સંરપચ અને તલાટી કમ મંત્રીએ જણાવ્યું હતું કે તમારા થી ઘર નહી બનશે છે અમે અમારા કોન્ટ્રાક્ટર પાસેથી તમારૂ પાંકુ આવાસ બનાવી આપશું છું તેમ કહી સોન્યાંભાઈ પાસેથી પહેલો હપ્તો ઊપાડી માંગ્યો હતો જેથી સોન્યાભાઈ પોતાનું વ્યવસ્થિત રહેવાં લાયક કાચું મકાન તોડી પાડયું હતું કોન્ટ્રાકટર દ્વારા પાયા બનાવી તેનાં પર દિવાલ બનાવી દીધી હતી આવાસનાં ભોય તળિયે પાકુ બાધકામ કર્યુ ન હતું તથા દિવાલ પર પણ પ્લાસ્ટર કે કલર કરેલ નથી બારી-બારણાં બેસાડયાં ન હતાં ઊપર છત પતરા મુકર્યા ન હતાં માથે ચોમાસું આવીને ઊભુ રહેતાં સોન્યાભાઈ પોતે પોતાનાં રૂપિયાથી આ બધી કામગીરી કરી હતી જયારે પ્લાસ્ટર નહી કરી આપતાં લીપણ કરવામાં આવ્યું છે અધુરૂ મકાન પુરૂ બતાવી બીજો,ત્રીજો હપ્તો મંજુર કર્યુ હતું જેમાંથી કોન્ટ્રાકટરે પહેલાં ૨૧હજાર રૂપિયા અને બાદ માં ૧૦ હજાર આમ રૂ.૩૧ હજાર રૂપિયા સોન્યાભાઈ આપ્યાં હતાં હતાં જયારે કોન્ટ્રાકટર અને તલાટી કમ મંત્રી.તથા સરપચ મળીને ઈલમભાઈના આવાસનાં રૂ.૯૦ હજાર ખાઈ ગયાં છે

કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજનામાં જાળસોળ ગામ માં રહેતાં પવાર ઈલમભાઈ રામુભાઈનું વર્ષ-૨૦૨૦-૨૦૨૧ માં રૂ.૧ લાખ ૨૦ હજાર મંજુર થયાં હતાં ગામ સરપચ ,તલાટીકમમંત્રી તથા કોન્ટ્રાકટે તેમનાં પાસે આવાસનાં ત્રણેય હપ્તા લઈ લીધા હતાં કોન્ટ્રાકટરે પાયો દિવાલ બનાવી આપી હતી જયારે ઈલમભાઈએ પોતે આવાસનાં બારી-બારણા,છત પર પતરા પોતાનાં ખર્ચે લાવ્યાં હતાં અને આવાસ પર બેસાડયાં હતાં જયારે આજે તેમણી દિવાલ અને નીચે ભોય તળિયે લીપણ લિપેલું જોવાં મળે છે

સુબીર તાલુકા પચાયતનાં હનવતપાડા ગ્રામ પચાયતનાં માત્ર જાળસોળ ગામની મુલાકાત કરી ગામનાં સરપચ તલાટી કમ મંત્રી અને કોન્ટ્રાકટરે સ્થળ પર સરકારનાં નિતિ-નિયમો મુજબ આવાસનાં લાભાર્થીઓને પાકા આવાસ તો બનાવ્યાં નથી તો તાલુકાનાં ઈજનેરોએ આ આવાસ કેવી રીતે કાગળ કમ્પલેન્ટ બતાવી સરકારનાં રૂપિયા મંજુર કરી દીધા છે જયારે આવાસનાં લાંભાર્થીઓ આજે પણ ઝુંપડામાં જ રહે છે.

**ડાંગમાં મોદી સરકારે ગરીબ પરિવારો માટે ખુબ જ ઊપયોગી યોજના બિન ઊપયોગી બની ગઈ**

**સુબીર તાલુકા પચાયતનાં હનવતપાડા ગ્રામ પચાયતનાં જાળસોળ ગામ અધુરા આવાસ પર હપ્તાની ચુંકવણી થઈ ગઈ**

**ડાંગ જિલ્લામાં ચાલતાં હપ્તાકાંડનાં સેંટીંગ ડોમ કોમ માં થયેલ ભષ્ટ્રાચારનાં હાંડપિંજરો બહાર આવી રહયાં છે.**

## ડાંગ જિલ્લા સુબીર તાલુકાના નવા બનેલા કરંજડા આંગણવાડી કેન્દ્રમાં સુવિધાઓ નો અભાવ વીજ કનેકશન પણ નથી..?




### રસોઈ માટેનો ગેસ નો સિલિન્ડર ખૂટી જતા લાકડા થી ચૂલા પર રસોઈ બનાવ વાની નોબત આવી

આહવા.

ડાંગ જિલ્લાના સબીર તાલુકા પંચાયત હસ્તકના કરંજડા બાલમંદિર નું નિર્માણ થોડા મહિનાઓ અગાઉ તાલુકા પંચાયતની ૧૫ માં નાણાપંચ ની ગ્રાન્ટમાંથી થયો છે મકાન બની જતા મંત્રીના હસ્તે મકાનનું ઈ લોકાર્પણ કરી બાળકો માટે બાલમંદિર ખુલ્લું મુકાયુ છે લોકાર્પણ થયા ને બે મહિના જેટલો સમય વીતી જવા છતાં બાલ મંદિરમાં વીજ જોડાણ નથી સંચાલકો દ્વારા વારંવાર મીટર જોડાણ માટે તંત્રને જણાવવા છતાં તેમની રજૂઆતો ધ્યાને લેવાઈ નથી જેના કારણે બે મહિનાથી વીજ કનેક્શન વગર જ બાલમંદિર ચાલી રહ્યું છે વધુમાં બાલમંદિર ના સંચાલકના જણાવ્યા પ્રમાણે તંત્ર દ્વારા બાળકો માટે વર્ષ માં ગેસના ત્રણ સિલિન્ડર ફાળવવામાં આવે છે જે ત્રણ સિલિન્ડર નો કોટો પૂરો થઈ જતા લાકડા થી ચૂલા પર રસોઈ બનાવવાની નોબત આવી છે ગેસ પૂરો થઈ જતા રસોઈયા દ્વારા બાલમંદિર ના પટાંગણમાં ચૂલો બનાવી તેના પર રસોઈ બનાવાય છે ડાંગ વહીવટી તંત્ર અંતરિયાળ ગામોમાં ધ્યાન આપે તે જરૂરી છે.

## સિધ્ધપુરમાં કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતની ઉપસ્થિતિમાં સુશાસન દિવસની ઉજવણી



પ્રખર રાજનેતા, ભારતીય જનતા પાર્ટીના કરોડો કાર્યકર્તાઓના પ્રેરણા સ્તોત્ર અને પથદર્શક, ભારત રત્ન, પૂર્વ પ્રધાનમંત્રી પરમ આદરણીય શ્રદ્ધેય અટલ બિહારી વાજપેયીજીના વડાપ્રધાન તરીકેના સારા શાસનની યાદમાં તેમના જન્મદિવસને સુશાસન દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે આજે સિધ્ધપુરમાં ૨૫ મી ડિસેમ્બરે તેમના જન્મદિવસે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં ભારતીય જનતા પક્ષના મધ્યસ્થ કાર્યાલય ખાતે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું કે , ભાજપના સ્થાપના સ્થાપના કાળથી તેને મજબૂત કરવામાં વાજપાઈજીનો મોટો ફાળો રહ્યો છે તે ઉપરાંત તેમનો વડાપ્રધાન તરીકેનો કાર્યકાળ વિકાસલક્ષી યાદગાર રહ્યો છે

આ પ્રસંગે જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જસુભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ જયેશભાઈ પંડ્યા, તાલુકા ભાજપ પ્રમુખ વિક્રમસિંહ ઠાકોર, મહામંત્રી શ્રી દશરથભાઈ પટેલ , નગરપાલિકા પ્રમુખ અનિતાબેન પટેલ, શંભુભાઈ દેસાઇ, શ્રી દિલીપસિંહ ઠાકોર, સંગઠનના હોદ્દેદારો, નગરપાલિકાના સભ્યો, તાલુકા ડેલીગેટસહ મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા

## વડોદરામાં મકરંદ દેસાઇ રોડ પર રહેણાક મકાનમાંથી ૫.૨૧ લાખના દારૂ સાથે એક શખ્સ ઝડપાયો



વડોદરા,તા.૨૫

વડોદરા શહેરના મકરંદ દેસાઇ રોડ પર આજવા રોડના બૂટલેગર સમર્પણ બંગલોમાં મકાન નં ૩ ભાડે રાખી તેમાં દારૂનો સ્ટોક કરીને તેનું વેચાણ કરતો હતો. પીસીબી પોલીસે દરોડો પાડીને મકાનમાં ૫.૬૧ લાખનો વિદેશી દારૂનો જથ્થો, ચાર મોબાઇલ સહિત ૫.૮૨ લાખનો મુદ્દામાલ સાથે બૂટલેગરને ઝડપી પાડ્યો હતો. જ્યારે દારૂ સપ્લાય કરનારને વોન્ટેડ જાહેર કર્યો છે. દારૂ સહિતનો મુદ્દામાલ જેપી પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરાયો છે.૩૧ ડિસેમ્બરના લઈને શહેરમાં દારૂની રેલમછેલ કરવા માટે બૂટલેદરો દ્વારા દારૂની ઘુસણખોરી કરાઇ રહી છે. જેના પર સતત વોચ રાખવા માટે સ્થાનિક પોલીસ સહિત પીસીબી, એલસીબી અને ડીસીબીની ટીમો પણ સઘન પેટ્રોલિંગ અને વાહન ચેકિંગ કરી રહી છે. દરમિયાન પીસીબીની ટીમ રવિવારના રોજ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન જેપી પોલીસ સ્ટેશન તાંદલજા ગામ ચાર રસ્તા પાસે આવતા બાતમી મળી હતી કે મકરંદ દેસાઇ રોડ ન્યૂ સમર્પણ બંગલો મકાન નંબર ૩માં રિતેશ ઉર્ફે વિક્કો દાતરો રાજેશ શુક્લાએ આ મકાન ભાડે રાખીને તેમાંથી છુપીરીતે દારૂનું વેચાણ કરે છે. જેના આધારે પીસીબી પોલીસે દરોડો પાડ્યો હતો. ઘરમાંથી બૂટલેગર રિતેશ શુક્લા મળી આવ્યો હતો. જેથી તેને સાથે રાખીને ઘરમાં તપાસ કરતા બેડરૂમમાંથી ૫.૬૧ લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પીસીબી પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂનો જથ્થો, ચાર મોબાઇલ સહિત ૫.૮૨ લાખનો મુદ્દામાલ કબજે કરી બૂલટેગરની ધરપકડ કરીને આગળની કાર્યવાહી માટે જેપી પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરવામાં આવ્યો છે

## ઈલેક્ટ્રોનિક્સ -૯૫ બેચમેટ્સ પ્રાયોજિત એવીપીટીઆઈ એલ્યુમની એસો. નું વાર્ષિક ગેટ ટુ ગેધર ૩૧ ડિસેમ્બરે યોજાશે

દેશ-વિદેશમાં જાણીતી રાજકોટની એવીપીટી કોલેજ ઇલેક્ટ્રોનિક અભયાસ ક્ષેત્રે આગવી પ્રતિભા ધરાવતી સંસ્થા છે , આ કોલેજમાં અભ્યાસ કરીને હજારો વિધ્યાર્થીઓ ભારતભરમાં સરકારી, અર્ધ સરકારી. પ્રાઈવેટ કંપનીઓ જેમ કે ઈસરો, પીઆરએલ, રિલાયન્સ, ભાભા એટોમીક, વિપ્રો, પોલીસ ડીપાર્ટમેન્ટ વિગેરે અનેક કંપનીઓમાં ઉચ્ચ હોદા પર નોકરી કરી રહ્યા છે. એવીપીટી એલિમની એસો, દ્વારા તા, ૩૧-૧૨-૨૩ ના રોજ રવિવારે રાજકોટના જામનગર રોડ સ્થિત ગ્રીન લીફ રિસોર્ટ ખાતે ભવ્ય એક દિવસીય ગે ટુ ગેધર નું આયોજન કરેલ છે. આ વર્ષે એલિમની ફંકશન સંદીપ શ્રીમાંકર તથા જગત માતરિયાની આગેવાનીમાં ૧૯૯૫ ચઈલેક્ટ્રોનિક્સ્ બેચના વિધ્યાર્થીઓ સ્પોન્સર કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભવ્ય પારિવારિક પ્રોગ્રામમાં ગેમ્સ, ડાન્સ, પરફોર્મન્સ, ડી. જે., મિમિક્રી, ગરબા સહિતના રંગારંગ કાર્યક્રમ સાથે સાથે એનિમલ હેલ્પ લાઈન ના સહયોગથી દેહદાન, ચક્ષુદાન , અંગદાન ,શાકાહાર જનજાગૃતિ અભિયાન વિગેરે સેવાકીય પ્રવૃત્તિ ચલાવવામાં આવશે. બાળકો તથા વિજેતાઓ માટે અનેકવિધ પ્રાઇઝ / ગિફ્ટ પણ આપવામાં આવશે. આ કાર્યક્રમ માટે વિધ્યાર્થીઓના ઓનલાઈન તથા ઓફલાઇન રજીસ્ટ્રેશન શરૂ થી ચૂક્યા છે. બહોળી સંખ્યામાં ભૂતપૂર્વ વિધ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાઈ રહ્યા છે, રજીસ્ટ્રેશન તથા વધુ વિગત માટે એવીપીટી એલિમની ઓફિસ, એવીપીટીઆઈ કોલેજ કેમ્પસ, ટાગોર રોડ, હેમુ ગઢવી હૉલ સામે સવારે ૧૧ થી ૧ તથા સાંજે ૪ થી ૬ દરમિયાન સંપર્ક કરી શકાશે, રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૩૦-૧૨-૨૩ હોય સત્વરે રજીસ્ટ્રેશન કરાવી લેવા સંસ્થા તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

# ભાજપની માનસિકતા લોકોને મજબુર બનાવવાની છે જ્યારે કોંગ્રેસ ની માનસિકતા લોકોને સન્માન સાથે આજીવિકા દ્વારા સશક્ત-મજબુત બનાવવાની છે

તત્કાલીન કેન્દ્રની કોંગ્રેસ સરકાર પ્રોટેક્શન ઓફ લાઈવીહૂડ એન્ડ સ્ટ્રીટ વેન્ડર એક્ટ લાવવામાં આવ્યો. બીજીબાજુ ભાજપ સરકાર-કોર્પોરેશન, નગરપાલિકાના સત્તાતંત્રોની મનમાની-દાદાગીરીને લીધે ગરીબ, સામાન્યવર્ગ ભોગ બની રહ્યાં હોવાનો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, આઠ મહાનગરપાલિકા અને ૧૫૭ નગરપાલિકામાં સરકારની ઈચ્છા શક્તિ નો સ્પષ્ટ અભાવ દેખાય રહ્યો છે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ૨૦૧૬ પછી શહેરમાં સ્ટ્રીટ વેન્ડરોનો સરવે કરવામાં આવ્યો હતો જેમાં કુલ ૬૭,૧૯૭ સ્ટ્રીટ વેન્ડરની નોંધણી કરી હતી પછી ફરી સ્થળે મુલાકાત કરી તો ૨૮,૮૧૯ ફેરિયાઓ ગાયબ થઈ ગયા હતા. ૩૨,૪૨૬ ફેરિયાઓની અરજીઓ મંજુર છે. ગુજરાતના ૧૦ શહેરોમાં ફેરિયાઓ ગાયબ થવામાં અમદાવાદ શહેર મોખરે છે. દેશમાં ત્રીજા ક્રમે છે. સ્થાનિક સત્તામંડળો એટલે કે, મહાનગરપાલિકાએ ફેરિયાઓને જગ્યા ફાળવીને તેમને વસાવવા પડશે અને તેમના રોજગારના અધિકારનું જતન કરવું પડશે. જોકે, આજદિન સુધી આ દિશામાં કોઈ ચોક્કસ પગલાં લેવાયા નથી. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશને આજદિન સુધી ફેરિયાઓનો સરવે કરીને તેની માહિતી જાહેર કરી નથી, ટાઉન વેન્ડીંગ કમિટીની રચના કરી નથી, ટાઉન સ્ટ્રીટ વેન્ડર્સ પ્લાન બનાવ્યો નથી, ટાઉન વેન્ડિંગ પ્લાનની અમલવારી કરી નથી, સ્ટ્રીટ વેન્ડરોને જગ્યાની ફાળવણી કરી નથી. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના અધિકારીઓએ છેલ્લા એક દાયકાથી અમદાવાદ શહેરમાં સ્ટ્રીટ વેન્ડરોના હીતમાં કોઈ નિર્ણય લેવાયો નથી. કોઈ સ્ટ્રીટ વેન્ડરોને તેમનો અધિકાર આપવામાં આવ્યો નથી. ભાજપની માનસિકતા લોકોને મજબુર બનાવવાની છે જ્યારે કોંગ્રેસ ની માનસિકતા લોકોને સન્માન સાથે આજીવિકા દ્વારા સશક્ત-મજબુત બનાવવાની છે.



કેન્દ્રની કોંગ્રેસ સરકારે વડાપ્રધાન ડૉ. મનમોહનસિંઘજી અને યુપીએ ચેરપર્સન શ્રીમતિ સોનિયા ગાંધીના નેતૃત્વમાં સામાન્ય માણસને સન્માન સાથે રોજગાર મળી શકે તે માટે અમદાવાદ શહેર સહિત દેશભરના શહેરોમાં રોડ ઉપર ધંધો કરતાં કે રોડ ઉપર પાથરણા બિછાવીને ચીઝવસ્તુઓનું વેચાણ કરતાં કે પછી લારી કે રેકડી લઈને ફરતાં ફેરિયાઓને તેમના રોજગારનું રક્ષણ મળે તે માટે મહત્વનો કાયદો બનાવેલો છે. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૧૪માં દેશભરમાં સ્ટ્રીટ વેન્ડર્સ પ્રોટેક્શન ઓફ લાઈલીહુડ એન્ડ રેગ્યુલેશન ઓફ સ્ટ્રીટ વેન્ડિંગ એક્ટ ૨૦૧૪ બનાવીને અમલી બનાવી દીધો છે પણ વાસ્તવિકતા એ છે કે, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન અને અન્ય સત્તાધિશો દ્વારા છેલ્લાં એક દાયકાથી અમદાવાદ સહિતના શહેરમાં સ્ટ્રીટ વેન્ડિંગ એક્ટની કડક અમલવારી કરવામાં આવી રહી નથી. એક તરફ ભારત સરકાર સ્વનિધિથી સમુદ્ધિ એવી યોજના લાવી છે જેમાં ફેરિયાઓને પ્રથમ તબક્કામાં ૧૦ હજાર, બીજા તબક્કામાં ૨૦ હજાર અને ત્રીજા તબક્કામાં ૫૦ હજારની સહાય આપવા માટે યોજના બનાવી છે. કેન્દ્ર સરકાર દ્વારા શહેરોમાં ફેરિયાઓને શોધીને તેમને સ્વનીધિના નામે ૧૦ હજાર રુપિયાની લોન આપે છે અને બીજી તરફ, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ફેરિયાઓનો રોજગાર છીનવવામાં આવી રહ્યો છે, દૈનિક ધોરણે ફેરિયાઓને પરેશાન કરવામાં આવે છે. તેમની લારીઓ ઉઠાવી લેવામાં આવે છે. તેઓને કનડગત કરવામાં આવે છે સાથે તેઓની સાથે ભેદભાવ કરવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકારની સ્વનીધિ યોજના અંતર્ગત અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા એક લાખ ફેરિયાઓને લોન આપવામાં આવી છે અને તેની વાહવાહી લેવામાં આવી રહી છે પણ ફેરિયાઓ સવાલ પુછી રહ્યાં છે કે, અમને ૧૦ હજાર રુપિયાની લોન આપો છો પછી અમારી લારી ઉપાડી લો છો તો પછી અમે કેવી રીતે હપ્તા ભરીશું ? ફેરિયાઓને લોન આપીને તેમનો રોજગાર છીનવવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકારના સ્ટ્રીટ વેન્ડિંગ એક્ટની અમલવારી કરવામાં આવી રહી નથી. પોલીસ, કોર્પોરેશનના દબાણ વિભાગ ગેરકાયદેસર રીતે લારીગલ્લા-ખુચ્ચા-પાથરણાવાળા ગરીબ લોકો પાસે હપ્તા વસૂલવાનું નેટવર્ક ચાલી રહ્યું છે જેનો ભોગ ગરીબ, સામાન્યવર્ગના નાગરિકો બની રહ્યાં છે.

પ્રોટેકશન ઓફ લાઈલીહૂડ અને સ્ટ્રીટવેન્ડર એક્ટનો સારી રીતે અમલ થાય તે માટે કોંગ્રેસ તમામ જગ્યા પર પ્રદર્શન કરશે. લારી ગલ્લા અને ખુચ્ચાવાળા સહિત તમામ લોકો સન્માન સાથે ડર, ભય વિના આજીવીકા મેળવી શકે તે માટે લડત કરવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.